# ડીસામાં ધોળે દિવસે જ્વેલર્સ દુકાનમાં ચાર લાખની તફડંચી



ડીસાના સોની બજાર ચાર રસ્તા જેવા ભરચક વિસ્તારમાં આવેલી એક જવેલર્સની દુકાનમાંથી કોઈ અજાણ્યા ગઠીયાઓએ દુકાનદારની નજર ચુકતા દુકાનમાં પડેલા દાગીના અને રોકડ રકમ સહિત રૂપિયા ચાર લાખ આડત્રીસ હજારની મત્તા ઉઠાવી રફુચક્કર થતા સનસનાટી મચેલ છે.

બનાસકાંઠાનું વેપારી મથક ડીસા જાણે ગુનેગારોને ગુનાઓ આચરવાનું પસંદગીનું સ્થાન બન્યું હોય તે રીતે અહીં ઘરફોડ ચોરી, વાહનચોરી અને તફડંચીના બનાવો સામાન્ય બનતા જાય છે. જેમાં આજ રોજ ધોળે દિવસે ભરચક એવા સોની બજારમાં ૧૧.૩૦ કલાક આસપાસ એક સોનીની દુકાનમાંથી લાખોની મત્તાની તફડંચી થવા પામી છે. આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસાના સોની બજાર મધ્યે વિજયભાઈ બચુભાઈ સોની 'વિજય જવેલર્સ' નામની દુકાન ધરાવે છે જેઓ આજ રોજ સવારે ૧૧.૩૦ કલાક આસપાસ નિત્ય ક્રમ મુજબ દાગીનાનો થેલો અને રોકડ રકમ લઈ દુકાને આવ્યા હતા અને દુકાનમાં દાગીનાનો થેલો મુકયો હતો. અને દુકાનમાં જ આવેલા મંદિરમાં દર્શન કરવા ધ્યાન મગ્ન થતા અજાણ્યા ગઠીયાઓએ આ મોકાનો ભરપુર લાભ ઉઠાવી દાગીનાનો થેલો અને રોકડ રકમની આબાદ ઉઠાંતરી કરી રફુચક્કર થયા હતા. માત્ર એક મિનીટનો સમય પોતાની દુકાનમાં પડેલી મત્તા તરફ પીઠ કરી પ્રભુ દર્શન કરવાનો સમય દુકાનદાર વિજય સોનીને ભારે પડયો હતો. અને માત્ર આઠ ફૂટ જ દુર રાખેલા દાગીના અને રોકડ રકમ થઈ કુલ રુપિયા ચાર લાખ આડત્રીસ હજારની માલ મત્તા લઈ અજાણ્યા ગઠીયા રફફુચક્કર થઈ ગયા હતા. જયારે આ બાબતની જાણ દુકાનદાર વિજયભાઈ બચુભાઈ સોનીને થતા તેમણે સમગ્ર મામલાની ડીસા દક્ષિણ પોલીસ મથકે જાણ કરતા પોલીસ દોડી આવી હતી અને ડોક સ્કવોર્ડ તેમજ એફ.એસ.એલ. ટીમની મદદથી આ ઘટનાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

# આજથી ભાજપ દ્વારા સંસદીય મત વિસ્તારના સ્નેહ સંમેલન

ગાંધીનગર, તા. ૭

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પર યોજાનારા સ્નેહમિલન સમારંભોમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કાર્યકર્તાઓને વીડીયો કોન્ફરન્સથી સંબોધનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી વર્ષ-૨૦૧૪માં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાનારી છે. આ ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે આવતીકાલથી આગામી ૧૨મી નવેમ્બર સુધી રાજયના તમામ જિલ્લાઓમાં લોકસભા બેઠક દીઠ સ્નેહમીલન કાર્યક્રમોનું આયોજન ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના તમામ જિલ્લાઓમાં સ્નેહમિલન કાર્યક્રમો યોજાનાર છે. જેમાં રાજયની ૨૬ લોકસભા મત વિસ્તારમાં આવતા નગરપાલિકા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત બેઠક દીઠ અને બુથ સુધીના કાર્યકરો અને આગેવાનોને આ સ્નેહમિલન કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

રાજયમાં ૨૬ લોકસભા બેઠક દિઠ યોજાનાર સ્નેહમિલન કાર્યક્રમમાં કાર્યકરોને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વીડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધશે અને આગામી લોકસભા ચૂંટણી માટે કાર્યકરોને માર્ગદર્શન આપીને ચૂંટણીના કામે લાગી જવા માટે પણ અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત રાજયના તમામ વિધાનસભા મત વિસ્તારોમાં પણ ધારાસભ્યોને સ્નેહમિલન સમારંભો યોજવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. ભાજપ દ્વારા તમામ ૨૬ લોકસભા બેઠકો પર સ્નેહમિલન કાર્યક્રમો દ્વારા કાર્યકરો સાથે સીધો સંપર્ક કરીને તેમને આગામી લોકસભા ચૂંટણીના કામે લાગી જવા માટે જાગૃત કરાશે.

પ્રાપ્ત વિગતો મુજબ નવમી નવેમ્બરને શનીવારના રોજ વલસાડ લોકસભા બેઠક પર સ્નેહમિલન કાર્યક્રમ સાંજના ચાર વાગ્યાથી મોડી સાંજ સુધી યોજનાર આ કાર્યક્રમને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વીડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધશે. આવતીકાલથી ભાજપ દ્વારા શરૂ કરવામાં આવનાર સ્નેહમિલન કાર્યક્રમો ૧૨મી નવેમ્બર સુધી ચાલશે.

સ્નેહમિલન કાર્યક્રમો બાદ તમામ લોકસભા બેઠકો પર તાલુકા સંમેલનોના કાર્યક્રમો યોજવાનો પણ કાર્યક્રમ ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# લાઈવલીહૂડના માધ્યમ દ્વારા રાજ્ય સરકાર દ્વારા અમલી 'આજીવિકા સહાય' યોજનાથી ગુજરાત દેશમાં મોખરે

ગાંધીનગર, તા. ૭

૨૭ દેશોના સરકારી પ્રતિનિધિઓ અને ૪૫ સરકારી અધિકારીઓએ જીએલપીસી (ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની)ની મુલાકાત લઈને મિશન મંગલમ્ કાર્યક્રમની જાત માહિતી મેળવી હતી. અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, કૌલંબિયા, કોસ્ટારીકા, ડી.આર.કોંગો, ઈથોપીયા, ઈન્ટોનિયા, ફીજી, ઈન્વોય કોસ્ટ, મડગાસ્કર, મલાવી, મોરિશીયાના, મ્યાનમાર, મોંગોલિયા, નેપાળ, નાઈઝર, નાઈઝીરીયા, સિરીયા, ટાન્ઝાનિયા, તજકીસ્તાન, થાઈલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન, ઝામ્બીયા, ઝીમ્બાબ્વે અને લાઓ પીડીઆર જેવા વિવિધ દેશોના પ્રતિનિધિઓએ ગાંધીનગર ખાતે આ અભ્યાસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ ગ્રુપની આગેવાની નેશનલ ઈન્સ્ટુટ્યુટ ફોર ઓન્ટ્રપ્રીનિયોરશીપ એન્ડ સ્મોલ બિઝનેસ ડેવલોપમેન્ટ (મીનીસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝ, ભારત સરકાર) દ્વારા કરવામાં આવી હતી. જીએલપીસી સાથે સંલગ્ન એવા સોશિયલ મોબલાઈઝેશન એન્ડ ઈનસ્ટુટ્યુશન બિલ્ડીંગના જનરલ મેનેજર શ્રી સિદ્ધાર્થ દવેએ ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની (જીએલપીસી) દ્વારા સ્વ-સહાય ગ્રૃપની રચના તથા જીવનધોરણને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓને વિસ્તૃત રીતે રજૂ કરી હતી.

શ્રી સિદ્ધાર્થ દવેએ તેમના પ્રારંભિક ઉદ્બોધનમાં વિદેશી પ્રતિનિધિમંડળને આવકારતાં જણાવ્યું હતું કે ભારતમાં સૌથી વધુ ગૌરવવંત, પ્રભાવશાળી અને ઝડપી વિકાસ ધરાવતું રાજ્ય ગુજરાત છે. આપણા દીર્ઘદષ્ટિ ધરાવતા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સક્ષમ આગેવાની હેઠળ લાઈવલીહૂડને ઉત્તેજન આપવા માટે અમે 'આજીવિકા સહાય' નામક એક યોજના મિશન મોડ પર ચલાવી રહ્યા છીએ. તેમણે વધુમાં જીએલપીસીના વિઝનને 'ગુજરાતને સર્વસમાવેશક વિકાસશીલ નીતિઓ દ્વારા સામાજીક-આર્થિક રીતે સદ્ધર અને સશક્ત બનાવવા અંગેના દષ્ટિકોણ દ્વારા પણ પ્રસ્તુત કર્યું હતું.

મોંગોલીયા, નાઈઝર, નેપાળ, સીરીયા, થાઈલેન્ડ, યુગાન્ડા અને અફઘાનીસ્તાનના પ્રતિનિધિઓએ રસ દાખવી વિવિધ પ્રશ્નો દ્વારા ઉંડાણપૂર્વક ચર્ચા કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

# સાંસદ દિનુ સોલંકીને ૧૧મી સુધીના રિમાન્ડ

અમદાવાદ, તા.૭

ગુજરાતના બહુચર્ચીત અમીત-જેઠવા હત્યા કેસમાં સી.બી.આઈએ ભાજપના સાંસદ દિનુ બોઘા સોલંકીની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરી રીમાન્ડની માંગણી કરતાં કોર્ટે ૧૧મી નવેમ્બર બપોરના ૩ વાગ્યા સુધીના રીમાન્ડ મંજૂર કર્યા હતાં.



સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અમીત-જેઠવા હત્યા કેસની તપાસ કરી રહેલ સી.બી.આઈએ ભાજપના જુનાગઢના સાંસદ દિનુ બોઘા સોલંકીની બે દિવસ અગાઉ પુછપરછ બાદ ધરપકડ કરીને આજે બે દિવસના ટ્રાન્ઝીટ રીમાન્ડ મેળવીને ગુજરાત લાવવામાં આવ્યા હતાં. સી.બી.આઈએ આજે અમદાવાદ સી.બી.આઈ. કોર્ટમાં દિનુ બોધા સોલંકીને રજુ કરીને ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરી હતી. સી.બી.આઈ.ની રીમાન્ડ અરજીનો દિનુ બોઘા સોલંકીના વકીલે વિરોધ કરીને રીમાન્ડ નહીં આપવા માટેની રજુઆતો કરી હતી.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે સી.બી.આઈ.ની અરજી ગ્રાહ્ય રાખીને ૧૧મી નવેમ્બર બપોરના ૩ વાગ્યા સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતાં. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સી.બી.આઈ.એ રીમાન્ડ અરજીમાં દિનુ બોધા સોલંકી પાસેથી મોબાઈલ હેન્ડસેટ સીમકાર્ડ મેળવવાના હોઈ તેમની કસ્ટડી જરુરી હોઈ ૧૪ દિવસના રીમાન્ડ આપવાની માંગણી કરી હતી જેનો બચાવ પક્ષના વકીલો વિરોધ કર્યો હતો.

# કમોસમી વરસાદથી મગફળી, કપાસ અને ડાંગરને વ્યાપક નુકશાન

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નવરાત્રી દરમિયાન પડેલા પાછોતરા વરસાદને કારણે ચોમાસુ પાકનો સોથ વળી ગયો હતો. જેની કળ હજુ ખેડૂતોને વળી નથી ત્યાં બુધવારે રાત્રે હિંમતનગર, પ્રાંતિજ સહિતના અન્ય સ્થળે કમોસમી વરસાદથી કપાસ, મગફળી અને ડાંગરના પાકોમાં વ્યાપક નુકશાન થયું છે. જેના કારણે ખેડૂતોમાં દીવાળી પર્વની ઉજવણી જાણે કે ફીકી પડી ગઈ હોય તેમ લાગે છે. હિંમતનગરમાં બુધવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે વાતાવરણમાં આવેલા અચાનક પલટા બાદ વરસાદ શરૂ થઈ ગયો હતો. જેના કારણે દીવાળી પર્વમાં મિત્રો તથા સ્નેહીજનોને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવવા ગયેલા અનેક લોકો તરત જ ઘર ભણી દોડી ગયા હતા. હિંમતનગર તાલુકાના નવા, નિકોડા, ગાંભોઈ સહિતના સ્થળે પડેલા વરસાદથી ખેડૂતોએ પાછળથી વાવેતર કરેલ મગફળીનો પાક પલળી ગયો છે. એટલુ જ નહિ પણ વરસાદ થવાથી પશુઓ માટે ખૂબ જ ઉપયોગી ગણાતુ ઘાસ પલળી જતાં પશુપાલકો ચિંતિત બની ગયા છે. પાછોતરા વરસાદને કારણે જિલ્લામાં અંદાજે ૨ હજાર હેકટરથી વધુ જમીનમાં વાવેતર કરેલ મગફળીના પાકને નુકશાન થયું છે. નવાના સરપંચ અરવિંદભાઈ મુખી, નિકોડાના જયંતિભાઈ પટેલ, કાશીપુરા કંપા દૂધ મંડળીના ચેરમેન વસંતભાઈ પટેલનું કહેવું છે કે માવઠાને કારણે કપાસના છોડ પર તૈયાર થયેલ રૂમાં પાણી પડતા તે પીળુ પડી જશે. જેના કારણે ભાવ ઓછો મળશે. મગફળીની બાબતમાં પણ ખેડૂતોને સારી મગફળીનો ભાવ પ્રતિ ૨૦ કિલોના અંદાજે રૂ. ૧૧૦૦ મળતા હતા, જે માવઠાને કારણે ભાવ અડધા થઈ જશે. પ્રાંતિજ તાલુકામાં પણ ગુરૂવારે વહેલી પરોઢે માવઠુ થતાં અનેક લોકો ભરનિંદ્રામાંથી જાગી ગયા હતા. બીજી તરફ ખેતરોમાં તૈયાર થયેલ કપાસ મગફળી અને ડાંગર પાક પલળી જતાં ખેડૂતો તેને બચાવવા માટે વહેલી પરોઢે ખેતરોમાં પ્લાસ્ટીક લઈને દોડી ગયા હતા. એકલા પ્રાંતિજ તાલુકામાં અંદાજે ૫ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં ડાંગરના પાકને નુકશાન થયું છે. હિંમતનગરમાં પણ બુધવારે રાત્રે પડેલા વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેના કારણે દીવાળીના તહેવારની ઉજવણીમાં માવઠુ વિલન બન્યું હોય તેમ નગરજનો માને છે. ઉપરાંત ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા પંથકમાં પણ કેટલાક સ્થળે વરસાદના છાંટા પડ્યા હતા.

# મેમદપુર પાસે થયેલી લૂંટમાં સંડોવાયેલ શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૭

પ્રાંતિજ તાલુકાના પલ્લાચર થઈ મેમદપુર જતાં રોડ પર થોડા દિવસ અગાઉ વાઘરોટા ગામના એક શખ્સને બાઈક પરથી પાડી દઈ તેની પાસેથી રૂ. ૫૦ હજારની લૂંટ ચલાવી અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાતો પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી ગુરૂવારે અમદાવાદના છારાનગરમાં રહેતા એક શખ્સને પકડી લૂંટનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ અંગેની વિગત એવી છે કે થોડા સમય અગાઉ વાઘરોટા ગામના જશુભાઈ પટેલ પ્રાંતિજની દેના બેંકમાંથી રૂ. ૫૦ હજાર લઈને બાઈક પર જઈ રહ્યા હતા. દરમિયાન મેમદપુરની સીમમાંથી તેઓ પસાર થતા હતા ત્યારે અચાનક કેટલાક શખ્સોએ આવીને જશુભાઈને બાઈક પરથી નીચે પાડી દીધા હતા. ત્યારબાદ તેમની પાસેથી અંદાજે રૂ. ૫૦ હજારની લૂંટ કરી જશુભાઈને મારમારી જતા રહ્યા હતા. ત્યારબાદ આ અંગે જશુભાઈએ તરત જ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં લૂંટની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન ગુરૂવારે કેટલીક માહિતીને આધારે પ્રાંતિજ પોલીસે અમદાવાદના છારાનગરમાં રહેતા વિનુભાઈ ચારીયાભાઈ તમાચીની બેંકના સીસી ટી.વી. કેમેરાના ફુટેજને આધારે અટકાયત કરી હતી. ત્યારબાદ તેની વધુ પુછપરછ કરતા તેણે જશુભાઈને માર મારી રૂ. ૫૦ હજાર લૂંટી લીધા હોવાનું કબુલ્યુ હતું. જેથી પોલીસે વિનુભાઈ તમાચી પાસેથી રૂ. ૫૦ હજાર કબજે લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# અચાનક વાતાવરણમાં થયેલ પલટાને કારણે ધરતીપુત્રો ચિંતાતુર

પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા સહિત કેટલાય વિસ્તારોમાં અચાનક કમોસમી વરસાદ થતા ધરતીપૂત્રોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. જેમાં આ વર્ષે વધારે વરસાદ થવાથી ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકશાની ભોગવવી પડી છે. ત્યારે આ માવઠું પડવાથી પડતા પર પાટું પડયું હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

પ્રાંતિજ તાલુકાના નનામપુર, વદરાડ, પલ્લાચર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ થતા ખેતરમાં તૈયાર થયેલ પાકને મોટું નુકસાન થવા પામ્યું છે. શિયાળાની મૌસમમાં ચોમાસાનો વરસાદ થતા ખેતીમાં ડાંગર, કપાસ, ફુલાવર, કોબીઝ સહિતની શાકભાજીમાં મોટા પ્રમાણમાં નુકસાની થતા ખેડૂતોને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે.

ખેતી ઉપર નિર્ભર રહેતા ખેડૂતોને તહેવારોમાં નુકસાની ભોગવવી પડી છે. નવા વર્ષની શરુઆતમાં જ કમોસમી વરસાદ થતા ફરી ખેડૂતોને હાથમાં આવેલ કોળીયો ઝુંટવાઈ ગયો હોય તેમ ખેડૂતોને નિરાશા નાંખવાનો વારો આવ્યો છે.

# મોટા ભાઈને કાંધો આપી સ્મશાને મુકવા ગયેલ નાના ભાઈનું પણ સ્મશાનમાં મોત

પ્રાંતિજ,તા. ૭

જીવનમાં મૃત્યુ ક્યાં અને ક્યારે આવશે એની કલ્પના પણ કરી શકાય તેમ નથી ત્યારે આજે મોતનો આવો જ અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પ્રાંતિજ તાલુકામાં સલાલ ગામે રહેતા સોની પરિવારના બે મોભી ભાઈઓ પૈકી મોટાભાઈનું મૃત્યુ થયું હતું. જેને કાંધો આપી સ્મશાને લઈ ગયેલા નાના ભાઈનું પણ સ્મશાનમાં જ મોત થતાં પરિવાર સહિત ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે રહેતા સોની પરિવારના બે ભાઈઓ પૈકી કેશવલાલ રણછોડલાલ સોની ઉં.વ. ૮૦ કે જેઓનું આજે અચાનક જ મોત થતા નાના ભાઈ મનહરભાઈ રણછોડભાઈ સોની ઉં.વ. ૭૫ તેમને કાંધો આપી સ્મશાને લઈ ગયા હતા. મોટાભાઈના અકાળે મોતના આઘાતમાં સરી પડેલ નાના ભાઈ મનહરભાઈ પણ બિલકુલ મૌન થઈ ગયા હતા. દરમિયાન અંતિમ વિધિની પ્રક્રિયા ચાલુ થતા જ મનહરભાઈનું પણ અચાનક મોત થતા પરિવારજનોમાં એક પછી એક મોત થતા પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામીછે. એક સાથે એક પરિવારના બે વ્યક્તિઓના મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# ચિલોડા સર્કલ પાસેથી બેરહેમીપૂર્વક પશુ ભરેલી મીની ટ્રક ઝડપાઈ

ચિલોડા, તા.૭

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે ચિલોડા પોલીસે દિવાળી ટાણે ટ્રાફિક નિયમન તથા નાકાબંધી પોઈન્ટ પર જવાના માર્ગ પરના વાહન ચેકીંગ પોઈન્ટ પર પોલીસ તપાસ દરમિયાન ૪૦૭ મીની ટ્રક નંબર જી.જે. ૩ વી. ૫૨૯૫ વાહનમાં એક ભેંસ તથા બે પાડાં ભરીને





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જતી ટ્રકને ચેકીંગ કરતાં વાહનચેકીંગ દરમિયાન મીની ટ્રકમાં ત્રણ પશુ ભરીને લઈ જતા શકમંદ ત્રણ શખ્સોની પૂછપરછ કરતાં સંતોષકારક જવાબો ન આપતાં પોલીસે મુદ્દામાલ જપ્ત કરેલ હતો.

આ અંગે મળતી માહિતી મુજબ ચિલોડા સર્કલ પાસે ગાંધીનગર જવાના માર્ગ પરના વાહન ચેકીંગ... કરતાં ગલ્લાંતલ્લાં કરતા પરમીટ વગરનું વાહન ઝડપી લેવાયું હતું અને ઝડપી લીધા હતાં. આ અંગે ત્રણ શખ્સો નામે બારોટ દિનાજી વકતાજી, બોડાભાઈ અંબાભાઈ બારોટ તથા માલાજી શિવાજી બારોટને પુછપરછ કરતાં ગલ્લાંતલ્લાં કરતા પરમીટ વગરનું વાહન ઝડપી લેવાયું હતું અને ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી શખ્સોની ધરપકડ કરી હતી. આ ઈસમો કઈ જગ્યાએથી તથા કોની પાસેથી પશુ લાવ્યા હતા તેની પુછપરછમાં પ્રત્યુત્તર આપી શકયા ન હતા આ અંગે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.જે. પંડયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પાલનપુરમાં પોલીસવાળાનું ગઠીયો પાકીટ મારી ગયો : રોકડી કાઢી પાકીટ ફેંકી દીધુ

પાલનપુર, તા. ૭

પાલનપુર એસ.ટી. બસ સ્ટેશનમાં આજે પ્રજાના રક્ષક ગણાતા પોલીસમેનનું પાકીટનું ભક્ષણ ગઠીયો કરી ગયાની ઘટનાએ પાલનપુર શહેર પોલીસ બેડામાં ચકચાર પામી ગઈ છે.

ઘટના અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર આજે બપોરે પાલનપુર સેન્ટ્રલ બસ સ્ટેશને પાલનપુર તાલુકા પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કર્મીનું અજાણ્યા ગઠીયાઓ દ્વારા પાકીટ સેરવી લીધુ હતુ. આ પોલીસ કર્મીને શાકભાજીની લારીવાળાને રૂપિયા આપવા જતા પાકીટ ખિસ્સામાં ન હોવાથી ગઠીયાઓ પાકીટ મારી ગયો તેવું સમજી ગયા હતા. સાથે સાથે શહેરમાં બેગ ચોરાવાની ઘટના પણ પ્રકાશમાં આવતા પાલનપુર શહેર ક્રાઈમનું શહેર બની જવા પામ્યું છે.

# ઓક્ટ્રોય નાબુદી પેટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓકટ્રોય ઉઘરાવતી ગ્રામ પંચાયતોને ચુકવામાં આવશે. ઓકટ્રોય નાબુદ કરી ત્યારે ૩૯૧ ગ્રામ પંચાયતો ઓકટ્રોય ઉઘરાવતી હતી. આ ગ્રામ પંચાયતોને અનુદાન વળતર પેટે ચાર વર્ષના રૂ. ૫૪૬૨.૩૧ લાખ ચુકવવામાં આવશે.

પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે ઓકટ્રોય ન ઉઘરાવતી ૧૩૫૫૪ ગ્રામ પંચાયતોને રૂ. ૭૬૨૨.૬૪ લાખ ચુકવવામાં આવશે. આ ગ્રાન્ટ ૨૦૦૧ની વસ્તી ગણતરીને ધ્યાને રાખી માથાદીઠ રૂ. ૧૦ લેખે ચુકવવામાં આવશે. આ ગ્રાન્ટ અત્યાર સુધી રૂ. ૫ લેખે ચુકવવામાં આવતી હતી જે ઉલ્લેખનીય છે.

૨૦૦૯-૧૦ થી ઓકટ્રોય નાબુદીના વળતર પેટે આપવાના અનુદાનના દરમાં સુધારો કરવાની વિચારણા છેલ્લા ઘણા સમયથી ચાલતી હતી જે આખરી કરી દેવાઈ છે. આ વધારાની ગ્રાન્ટની રકમની ચુકવણી ટુંક જ સમયમાં કરી દેવામાં આવશે. આ માટે પંચાયત વિભાગે પૂરજોશમાં તૈયારીઓ પણ આરંભી દીધી છે.

પંચાયતોની આર્થિક સ્થિતિમાં સરકારના આ મહત્વના નિર્ણયથી સારો એવો સુધારો થશે. આ માટેના જરૂરી હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

# આઈ.જી. કુલદીપસિંહ શિઓરન કોસ્ટ ગાર્ડ રિજીયન (નોર્થ-વેસ્ટ) રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૭

ઈન્સ્પેક્ટર જનરલ કુલદીપસિંહ શિઓરન, ટીએમ કમાન્ડર કોસ્ટ ગાર્ડ રિજીયન (નોર્થ-વેસ્ટ)એ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કોસ્ટગાર્ડ રિજીયન (નોર્થ-વેસ્ટ)ના અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.